# અમરેલી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા સાક્ષરતા મિશન સત્તા મંડળ'ની બેઠક યોજાઈ

## જિલ્લામાં સાક્ષરતા ન મેળવી શકનારા વ્યક્તિઓને શિક્ષણની ધારા સાથે જોડી જ્ઞાનનો દિપ પ્રજવલ્લિત કરવામાં આવશે

અમરેલીઃ અમરેલી જિલ્લામાં નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ (New India Literacy Programme – NILP) ને જિલ્લા કક્ષાએ અસરકારક રીતે અમલી બનાવવા માટે જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળની બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી સોલંકીએ જણાવ્યું હતું કે, નવ ભારત સાક્ષરતા કાર્યક્રમનો મુખ્ય હેતુ ૧૫ વર્ષ અને તેથી વધુ વયના નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવી તેમને શિક્ષણની મુખ્યધારામાં જોડવાનો છે. નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ (New India Literacy Programme – NILP) નો મુખ્ય ઉદ્દેશ ૧૫ વર્ષ અને તેથી વધુ વયના નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવી તેમને શિક્ષણની મુખ્યધારામાં જોડવાનો છે.

આ કાર્યક્રમ દ્વારા વાંચન, લેખન અને ગણિત જેવી મૂળભૂત ક્ષમતાઓ વિકસાવી નાગરિકોને દૈનિક જીવનમાં સ્વનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. જેથી નાગરિકો મોબાઈલ, ઈન્ટરનેટ અને વિવિધ સરકારી ડિજિટલ સેવાઓનો યોગ્ય અને સુરક્ષિત ઉપયોગ કરી શકે. સાથે સાથે કાનૂની સાક્ષરતા, આપત્તિ વ્યવસ્થાપન,




વાણિજ્યિક કૂશળતા, આરોગ્ય સંભળઆ, કુટુંબ કલ્યાણ, કલા, વિજ્ઞાન, ટેકનોલોજી, સંસ્કૃતિ, રમત-ગમત, જાગૃતિ લાવવાનો હેતુ રાખવામાં આવ્યો છે.

નવ ભારત સાક્ષરતા કાર્યક્રમનો ઉદેશ સમાવેશક શિક્ષણને વેગ આપવાનો પણ છે, જેમાં મહિલા, વંચિત વર્ગ, ગ્રામ્ય અને શહેરી ગરીબ વર્ગને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ સાથે લોકભાગીદારી અને સ્વયંસેવક ભાવનાને પ્રોત્સાહન આપી સમાજને સાક્ષરતા અભિયાનમાં સક્રિય રીતે જોડવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ દ્વારા સ્વયંસેવકોની ભૂમિકા, ડિજિટલ સાક્ષરતા, જીવનકૌશલ્ય શિક્ષણ તથા સતત મૂલ્યાંકન પદ્ધતિ અંગે વિસ્તાર પૂર્વક ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ ગામડાં અને શહેરી વિસ્તારોમાં યોગ્ય રીતે સર્વે કરીને લક્ષ્ય જૂથ સુધી કાર્યક્રમ પહોંચાડવા માટે જરૂરી સૂચના આપી હતી. તેમણે ચોક્કસ લક્ષિત વ્યક્તિઓને આ અભિયાનમાં જોડવા માટે તેમના વ્યવસાય અને કામકાજના અનુકૂળ સમય જેમ કે, માછીમાર સમુદાયના લોકો માટે ચોમાસામાં, ખેતમજૂર વ્યક્તિઓ માટે રાત્રિવર્ગ, વનવિસ્તારમાં દિવસ દરમિયાન વર્ગોનું આયોજન કરી અને શિક્ષણ માટે પ્રતિબદ્ધ હોય તેવા સ્વયંસેવકોને જોડવા માટે દિશાનિર્દેશ આપ્યા હતા.

આ બેઠકમાં કાર્યક્રમના ઉદ્દેશ્યો, અમલની રણનીતિ તેમજ વિવિધ વિભાગોની ભૂમિકા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.અંતમાં જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ સંબંધિત અધિકારીશ્રીઓને નિર્ધારિત લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે જવાબદારીપૂર્વક અને સમયબદ્ધ રીતે કામગીરી કરવા સૂચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગોહિલ, નાયબ જિલ્લા વિકસ અધિકારીશ્રી મહેકમ ઈન્ચાર્જ શ્રી, ડી.એ.ગોહિલ, પ્રાચાર્યશ્રી ડાયેટ ઉપસ્થિત રહ્યા હતા.

### સાવરકુંડલા તાલુકામાં વિકાસનો ધમધમાટ

# ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે રૂ,૭.૨૬ કરોડના કામોનું ખાતમુહૂર્ત

## ઘોબા ગામે ૨૫.૦૦ લાખના ખર્ચે બનેલ નવી ગ્રામ સચિવાલય બનશે

સાવરકુંડલાઃસાવરકુંડલા તાલુકાના વિવિધ ગામોમાં અંદાજે રૂ. ૭.૨૬ કરોડના ખર્ચે થનારા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા સાહેબના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત ઘોબા ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવી ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત,રૂ.૨.૦૦ કરોડના ખર્ચે નુરાપીર આશ્રમ સી.સી. રોડ તેમજ રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત,રૂ. ૨.૪૦ કરોડના ખર્ચે ઘોબા–ઠાસા રોડના રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત,રૂ. ૯૦ લાખના ખર્ચે સુવિધા પથ રોડનું ખાતમુહૂર્ત,ફિફાદ ગામે રૂ. ૮૦ લાખના ખર્ચે મેકડા–ફિફાદ રોડના રી-સર્ફેસિંગ કામનું




ખાતમુહૂર્ત,પાટી ગામે રૂ. ૧૧ લાખના ખર્ચે સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત,મોટા ભમોદ્રા ગામે રૂ. ૮૦ લાખના ખર્ચે સુવિધા પથ રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા તાલુકાના કુલ રૂ. ૭.૨૬ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.આ સાવરકુંડલા તાલુકાના વિકાસ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ, જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારશ્રીઓ, સહકારી આગેવાનશ્રીઓ, ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ તેમજ આગેવાનો અને કાર્યકરમિત્રોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અમરેલી શહેરની સરકારી પ્રાથમિક શાળાઓનો "એકલવ્ય રમતોત્સવ યોજાયો





(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ અમરેલી શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી દ્વારા સતત ચોથા વર્ષે "એકલવ્ય રમતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. આ રમતોત્સવમાં કુલ ૧૨૦૦ જેટલા બાળકોએ તથા ૧૨૪ જેટલા શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઈફકોના અધ્યક્ષ દિલીભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના કાર્યકાળમાં "ગામડાઓની માટીમાંથી ઉભરતી પ્રતિભાઓ" રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોચે અને તેમના સપનાઓને સાકાર કરવા માટે થઈ તેઓએ "ખેલ મહાકુંભ" નો પાયો નાખ્યો હતો.

આ પ્રેરણાને આત્મસાત કરી અમરેલીની ટીમ રમતના માધ્યમથી ઉજ્જવળ ભવિષ્ય ઘડી રહી છે. વિશ્વાસ છે કે, આ એકલવ્ય રમતોત્સવ નાના સિતારાઓની ઉજ્જવળ ઉડાનનું પ્રતિક બનશે. આ પ્રેરણાદાયી આયોજન માટે તુષારભાઈ જોષી અને એમની ટીમ ને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

આ એકલવ્ય રમતોત્સવમાં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો પૈકી વિજેતા બનેલા ૪૫૦ વિદ્યાર્થીઓ અને ૫૦ જેટલા શિક્ષકોને મેડલ, ઈનામ, ટોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં. આ રમતોત્સવનાં આયોજન માટે ચેરમેન તુષારભાઈ જોષી,વાઈસ ચેરમેન ડી.સી.ગોલ, શાસનાધિકારી આશિષ જોષી, સમિતિના સભ્યો, આચાર્યો, શિક્ષકો, સ્પોર્ટસ ટીચર, તથા કચેરી સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

આ એકલવ્ય રમતોત્સવહના ઉદ્દઘાટન અને સમાપન સમારંભમાં અધ્યક્ષ તરીકે ઈફકોનાં ચેરમેન દિલીભાઈ સંઘાણી, કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હીરપરા, પુર્વ સાંસદ નારણભાઈ કાછડિયા, નગરપાલિકા પ્રમુખ બીપીન લિંબાણી, ડી.ડી.ઓ.પી.બી. પંડ્યા, જિલ્લા શિક્ષણાધિકારી એમ.બી.ગોહીલ, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબાર, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ ભાવેશ સોઢા, જિલ્લા રમતગમત અધિકારી પૂનમબેન ફુમકિયા, પ્રાચાર્ય કે.ડી.વ્યાસ, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા. તેમ નગરપ્રાથમિક શિક્ષણ સમિતિનાં સંદિપ વામજાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# સાંસદ ભરતભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ કો-ઓર્ડિનેશન અને મોનિટરિંગ કમિટી (DISHA) ની બેઠક યોજાઈ

## સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે થયેલા કાર્યો સારી રીતે થઈ રહ્યા છે,જિલ્લામાં વધુ સારા કાર્યો કરવા સાંસદનો અનુરોધ

અમરેલીઃ અમરેલી સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ કો-ઓર્ડિનેશન અને મોનિટરિંગ કમિટી (DISHA) ની બેઠક યોજાઈ હતી.અમરેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં સાંસદશ્રીએ કેન્દ્ર સરકાર સંચાલિત જનકલ્યાણકારી યોજનાઓ, અભિયાનો અને વિકાસ કાર્યો અન્વયે થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

સાંસદશ્રીએ, જિલ્લામાં સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે નાગરિકો માટે થયેલા વિકાસ કાર્યોને સરાહનીય કામગીરી ગણાવી હતી. જિલ્લામાં હજી વધુ સારા કાર્યો કરવા માટે અનુરોધ કર્યો હતો.કેન્દ્ર સરકારની યોજનાઓ અને પ્રકલ્પો વધુ પ્રભાવી રીતે નાગરિકો સુધી પહોંચે તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પણ સાંસદશ્રીએ આપ્યું હતું.

સાંસદશ્રીએ "સ્વામિત્વ યોજના" અન્વયે સમગ્ર જિલ્લામાં પ્રોપર્ટી કાર્ડ લગત કામગીરી ઝડપી ગતિએ હાથ ધરવા બાબતે સૂચનાઓ અને નિર્દેશ




આપ્યા હતા. આ ઉપરાંત રેલવે, વીજળી, આધાર અપડેટ કીટ કાર્યરત બનાવવી, બી.એસ.એન.એલ નેટવર્ક સુવ્યવસ્થિત રીતે સંચાલિત બનાવવું, ગ્રામ પંચાયતો ખાતે ભારતનેટની સુવિધાઓ સંચાલિત બનાવવા સહિતના પ્રશ્નોના નિરાકરણ માટે વિવિધ કચેરીઓના વડાશ્રીઓ સાથે પરામર્શ કર્યો હતો. જિલ્લામાં ભૌતિક સુવિધાઓ થકી જનસુખાકારી વધારો થાય તે માટે સાંસદશ્રીએ સૂચનાઓ પણ આપી હતી.

આ બેઠકમાં દીનદયાળ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, પ્રધાનમંત્રી આવાસ યોજના, રાષ્ટ્રીય કૃષિ તથા પરંપરાગત કૃષિ વિકાસ યોજના, આત્મા, સ્વામીત્વ યોજના, રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન, સ્વચ્છ ભારત મિશન, નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલોપમેન્ટ, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમ, સેફ્ટી એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન, બેટી બચાવો બેટી પઢાવો, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, નેશનલ હેલ્થ મિશન, સમગ્ર શિક્ષા, પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, સુગમ્ય ભારત અભિયાન, નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ, ખેલો ઈન્ડિયા ૨.૦ સહિતની પ્રજાલક્ષી યોજનાઓ અને અભિયાનોના લક્ષ્યાંક સામે સિદ્ધિઓની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

બેઠક દરમિયાન વિકસિત ભારતજી૨૦૪૭ : જી-રામ-જી (મનરેગા) યોજનાને સર્વ સભ્યશ્રીઓએ પ્રસ્તાવ પ્રસ્તુત કરીને સર્વાનુમતે આવકારદાયક પગલું ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અગાઉની "મનરેગા યોજના"માં સુધારા કરીને કેન્દ્ર સરકાર દ્વારા ફરીથી ૧૨૫ દિવસની રોજગારીના લક્ષ્યાંકને કેન્દ્રમાં રાખીને વિકસિત ભારત-જી-રામ-જી યોજના સંસાચિલત કરવામાં આવી છે. જે અન્વયે રોજગાર ગેરંટીના દિવસો ૧૦૦ થી વધારીને ૧૨૫ કરવામાં આવ્યા છે. સાથે સુધારેલ યોજના થકી ગ્રામ્યકક્ષાએ જળ સંરક્ષણ, ગ્રામીણ આંતરમાળખાકીય સુવિધાઓ, આજીવિકા આધારિત સંપત્તિ નિર્માણના કાર્યોને વેગવંતા બનાવવામાં આવશે. ઉપરાંત આ કામોનું સામાજિક ઓડિટ ફરજિયાતપણે કરવામાં આવશે આથી પારદર્શિતામાં વધારો થશે.

જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યાએ પણ પ્રજાકીય પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકનું સંચાલન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી કે.જે. જાડેજાએ કર્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના સંબંધિત સદસ્યશ્રીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ, તાલુકા મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રીઓ સહિત જિલ્લા વહીવટી તંત્રના સંલગ્ન અધિકારીશ્રીઓ અને કર્મયોગીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં ખાસ ઝૂંબેશ - "વ્હાલી દીકરી યોજના"નો લાભ લેવા અનુરોધ

## મામલતદારની કચેરી, ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ વી.સી.ઈ પાસેથી અરજીફોર્મ મેળવવાના રહેશે

અમરેલીઃઅમરેલી જિલ્લામાં ખાસ ઝૂંબેશ હેઠળ 'વ્હાલી દીકરી' યોજનાનો લાભ લેવા માટે અરજદારોએ સંબંધિત મામલતદારશ્રીની કચેરી, ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ વી.સી.ઈ પાસેથી અરજીફોર્મ મેળવવાના રહેશે. ઉપરાંત અરજદારો વેબસાઈટ http://emahilakalyan.guj.gov.in/ પરથી પણ અરજીફોર્મ મેળવી શકે છે.

ગુજરાતમાં દીકરીઓના કલ્યાણ માટે સરકાર પ્રતિબદ્ધ છે. દીકરી જન્મને પ્રોત્સાહન મળે, સ્ત્રીભૃણ હત્યા અટકે, સ્ત્રી શિક્ષણમાં વધારો થાય તેમજ સમાજમાં સ્ત્રીઓનું સ્થાન મજબૂત બને તે માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯માં "વ્હાલી દીકરી યોજના" અમલી બનાવવામાં આવી છે.




આ યોજના અન્વયે લાભાર્થી દીકરીને કુલ રૂ. ૧,૧૦,૦૦૦ની સહાય ત્રણ હપ્તામાં મળવાપાત્ર છે. પ્રથમ હપ્તો દીકરી પ્રથમ ધોરણમાં પ્રવેશે તે સમયે રૂ. ૪ હજાર, બીજો હપ્તો દીકરી નવમાં ધોરણમાં પ્રવેશે ત્યારે રૂ. ૬ હજાર અને ત્રીજો હપ્તો દીકરી ૧૮ વર્ષની થાય ત્યારે તેના ઉચ્ચ શિક્ષણ અથવા લગ્ન સહાય તરીકે રૂ. ૧ લાખની રકમ મળવાપાત્ર છે.

અરજીકર્તા અરજદારે લાભાર્થી દીકરીનું જન્મ પ્રમાણપત્ર, આધારકાર્ડ, માતા-પિતાનું લગ્ન નોંધણી પ્રમાણપત્ર અને બંનેના આધારકાર્ડ, રેશનકાર્ડ જેમાં લાભાર્થી દીકરીનું પણ નામ હોય તે, નિયત નમુનાનું સ્વ ઘોષણાપત્ર, માતા-પિતા કે વાલીનું આવક પ્રમાણપત્ર, નિયત એકરારનામું, લાભાર્થી દીકરી કે માતા-પિતાના બેંક ખાતાની પાસબુક નકલ સહિતના આધાર પુરાવા અરજી સાથે રજૂ કરવાના રહે છે. વધુ માહિતી માટે અમરેલી જિલ્લા મહિલા અને બાળવિકાસ અધિકારીશ્રીની કચેરી સંપર્ક નં. ૦૨૭૯૨ ૨૨૬૧૭૭ પર સંપર્ક કરવાનો રહેશે તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જીએચસીએલ ફાઉન્ડેશનને ધરતી રત્ન એવોર્ડ મળ્યો

## મુખ્યમંત્રીના હસ્તે માનવ સેવા અને લોક કલ્યાણ માટે સન્માનિત

રાજુલાઃજીએચસીએલ ફાઉન્ડેશનને પ્રતિષ્ઠિત ધરતી રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે. આશીર્વાદ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા આયોજિત ધરતી રત્ન એવોર્ડ કાર્યક્રમના ૧૦મા સંસ્કરણમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આ એવોર્ડ એનાયત કરાયો હતો. આ સમારોહ સરદાર પટેલ સ્મૃતિ હોલ, શાહીબાગ, અમદાવાદ ખાતે યોજાયો હતો.

જીએચસીએલ ફાઉન્ડેશન એ જીએચસીએલ લિમિટેડની સામાજિક ઔદ્યોગિક જવાબદારી નિભાવતી શાખા છે. છેલ્લા એક દાયકાથી, આ ફાઉન્ડેશન અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભા તેમજ ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા, વેરાવળ અને તાલાળાના ગ્રામીણ વિસ્તારોમાં સક્રિય છે. તે સંકલિત અભિગમ સાથે



વિવિધ લોક કલ્યાણ, માનવ સેવા અને સામુદાયિક વિકાસના કાર્યો માટે જાણીતું છે.

આ એવોર્ડ જીએચસીએલ ફાઉન્ડેશનના સી.એસ.આર. હેડ રમેશભાઈ મકવાણાએ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે સી.એસ.આર. વિભાગ સુત્રાપાડાથી જીતેન્દ્રભાઈ ભટ્ટ અને વિક્ટરથી હનીફ કાળવાતર પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આશીર્વાદ ફાઉન્ડેશન છેલ્લા દસ વર્ષથી ધરતી રત્ન એવોર્ડનું આયોજન કરે છે. આ એવોર્ડ માનવ સેવા અને લોક કલ્યાણ માટે સેવાકીય પ્રવૃત્તિઓ કરતા સેવાભાવી લોકો અને સંસ્થાઓને રોકડ પુરસ્કાર અને સન્માન આપી પ્રોત્સાહિત કરે છે. આ એવોર્ડ માટેની પસંદગી સમિતિમાં પૂર્વ ન્યાય મંત્રી શ્રી કલ્પેશ ઝવેરી, જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ ઝા અને પદ્મશ્રી હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદીનો સમાવેશ થતો હતો.

આશીર્વાદ ફાઉન્ડેશનના સ્થાપક આર. એસ. પટેલ તેમજ તેમના તમામ ટ્રસ્ટીગણ અને સ્ટાફ મિત્રોએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. એવોર્ડ સમારોહમાં વિવિધ સંસ્થાઓ, કોર્પોરેટ વિભાગ અને સરકારી અધિકારીઓ સહિત લગભગ ૯૦૦ જેટલા લોકો સહભાગી થયા હતા.

# સાવરકુંડલા ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની ખેલ મહાકુંભમાં ચક્ર ફેક સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ

સાવરકુંડલાઃસાવરકુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની છાત્રાએ ખેલ મહાકુંભ સ્પર્ધામાં શાળાનુ ગૌરવ વધાર્યું હતું. સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જાખરા સાનિયાએ શાળા તેમજ પોતાના માતા પિતાનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીનીએ ખેલ મહાકુંભમાં



ચક્રફેકમાં તાલુકા કક્ષા તેમજ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવીને હવે રાજ્ય કક્ષાએ નડિયાદ ખાતે રમવા માટે જશે.શાળા તેમજ નૂતન કેળવણી મંડળના માર્ગદર્શન મુજબ તેણે આ સિધ્ધિ મેળવી હતી. શાળાના આચાર્ય ઉષાબેન તેરૈયા અને શાળા પરિવાર, વ્યાયામ શિક્ષિકા દેવીબેન રાઠોડને અભિનંદન પાઠવેલ નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા અને મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ અભિનંદન સાથે પ્રગતિ કરો તેવી શુભેચ્છા પાઠવી હતી.

# એગ્રીસ્ટેક પ્રોજેક્ટ-ખેડૂતોને ફાર્મર આઈ.ડી.મળશે

## "પી.એમ.કિસાન યોજના"ના લાભાર્થીએ ૨૨મો હપ્તો મેળવવા માટે નોંધણી કરાવવી ફરજિયાત

અમરેલીઃ એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસોથી ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી.મળશે. "પી.એમ. કિસાન યોજના" તળે આગામી ૨૨માં હપ્તા માટે ભારત સરકાર દ્વારા ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત છે.

"પી.એમ.કિસાન યોજના"ના લાભાર્થીએ




આ લાભ મેળવવા માટે નોંધણી કરાવવી જરૂરી છે. ફાર્મર રજિસ્ટ્રેશન માટે જે તે ગામના વી.સી.ઈ અથવા વી.એલ.ઈ ઓપરેટર અથવા જનસેવા કેન્દ્ર મારફત નોંદણી કરાવી શકાય છે. તમામ ખેડૂતોને ફાર્મર રજિસ્ટ્રેશન કરાવવા માટે અનુરોધ છે.

ખેડૂતોએ નોંધણી માટે જરૂરી દસ્તાવેજ, આધાર કાર્ડ,આધાર કાર્ડ સાથે લીક મોબાઈલ નંબર અને જમીનની વિગત સાથે રાખવી તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## અવસાનઃ

અમરેલી નિવાસી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ કાંતાબેન નાથાલાલ પંડ્યા (૯૫) તે વિનોદભાઈ પંડ્યા (અમદાવાદ), અશોકભાઈ પંડ્યા ( BSNL) (અમરેલી) તથા ઉષાબેન અરૂણકુમાર જોષી (રાજકોટ)ના માતુશ્રી તથા કેયુરભાઈ, નિકુંજભાઈ, રૂષીભાઈ તથા પૂજાબેન પાર્થકુમાર જોષીનાં દાદીબા તા.૨૧ ના રોજ કૈલાસ વાસી થયેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)